# લિબર્ટી પેપરસેટ

## ધોરણ 10 : સામાજિક વિજ્ઞાન

## Full Solution

**સમય : 3 કલાક** **અસાઈનમેન્ટ પ્રશ્નપત્ર 2**

### વિભાગ-A

**1.** (C), **2.** (A), **3.** (B), **4.** (E), **5.** (D), **6.** × (ખોટું) , **7.** ✓ (સાચું), **8.** × (ખોટું), **9.** ✓ (સાચું), **10.** × (ખોટું), **11.** લાલ પાંડા, **12.** જળ પ્લાવિતક્ષેત્ર વિકાસ, **13.** ગુજરાત, **14.** પોરબંદર, **15.** કાળુંનાણું, **16.** (D) બૃહદેશ્વર, **17.** (B) કોલકાતા, **18.** (A) વહાણો, **19.** (C) સરહદ માર્ગ સંસ્થાન **20.** (B) અસ્પૃશ્યતા **21.** પૃથ્વીનાં પોપડાની સૌથી ઉપરની સપાટી કે પડને જમીન કહીએ છીએ. છે. **22.** તાંબું ધાતુ એ… તાંબાની ધાતુ માનવીને… **23.** અમદાવાદ-વડોદરા શહેરોને જોડે છે. **24.** World Trade Organization

### વિભાગ-B

**25.** (1) નેગ્રીટો (હબસી પ્રજા) (2) ઓસ્ટ્રેલોઇડ (નિષાદ પ્રજા)

**26.**

**ગુજરાતના પ્રસિદ્ધ મેળાઓ**

| ક્રમ | મેળાની તિથિ | મેળાનું નામ | સ્થળ |
|---|---|---|---|
| 1. | કારતક સુદ 11થી પૂનમ | શામળાજીનો મેળો (કાળિયા ઠાકોરજીનો મેળો) | અરવલ્લી |
| 2. | કારતક સુદ પૂનમ | વૌઠાનો મેળો | ધોળકા, અમદાવાદ |
| 3. | કારતક સુદ પૂનમ | કાર્તિકી પૂર્ણિમાનો મેળો | સોમનાથ |
| 4. | મહાવદ 9થી 12 | ભવનાથનો મેળો | ગિરનાર – જૂનાગઢ |
| 5. | ફાગણ સુદ પૂનમ | ડાંગ દરબારનો મેળો | આહવા – ડાંગ |
| 6. | હોળીથી રંગપાંચમ સુધી | ભાંગુરિયાનો મેળો | ક્વાંટ – છોટાઉદેપુર |
| 7. | હોળીના 5મા કે 7મા દિવસે | ગોળ ગધેડાનો મેળો | ગરબાડા – દાહોદ |
| 8. | ચૈત્ર સુદ 9થી 13 | માધવપુરનો મેળો | માધવપુરા – પોરબંદર |
| 9. | ચૈત્ર સુદ પૂનમ | બહુચરાજીનો મેળો | બહુચરાજી – મહેસાણા |
| 10. | શ્રાવણ વદ અમાસ | મોઢેરાનો મેળો | મોઢેરા – મહેસાણા |
| 11. | ભાદરવા સુદ 4થી 6 | તરણેતરનો મેળો | તરણેતર – સુરેન્દ્રનગર |
| 12. | ભાદરવા સુદ પૂનમ | અંબાજીનો મેળો | અંબાજી – બનાસકાંઠા |
| 13. | ભાદરવા વદ અમાસ | નકળંગનો મેળો | કોળિયાક – ભાવનગર |
| 14. | રજબ માસ તા. 9, 10, 11 | ભડિયાદનો મેળો | ભડિયાદ – અમદાવાદ |
| 15. | રજબ માસ તા. 16 થી 22 | મીરાદાતારનો મેળો | ઉનાવા – મહેસાણા |

27. માટીકામ કલા

- વ્યક્તિના જન્મથી મરણ સુધીની યાત્રા માટી સાથે જોડાયેલી છે.
- કુંભારનો ચાકડો માટીકામ માટેનું પ્રાચીન ભારતનું પ્રથમ યંત્ર ગણી શકાય.
- પ્રાચીન સમયથી ભારતમાં માટીનાં રમકડાં, ઘડા, કુલડી, કોડિયાં-હાંડલા, ચૂલા, કોઠીઓ વગેરેનો ઉપયોગ રસોઈ બનાવવા અને પ્રવાહીમય ખાદ્ય પદાર્થોને સાચવવા થતો હતો.

28. (1) સીદીઓનું ધમાલ નૃત્ય :

- આ નૃત્ય મૂળ આફ્રિકાના અને હાલ ગીરની મધ્યમાં જાંબુરમાં વસતાં સીદી લોકોનું નૃત્ય છે.
- (નાળિયેરના કોચલામાં કોડીઓ ભરી તેના પર કપડું બાંધી બનાવેલ) મશીરાને તાલબદ્ધ ખખડાવે છે. તેઓ સાથે મોરપીંછનું ઝુંડ અને નાના ઢોલકા સાથે ગોળાકાર ફરીને ગવાતું આ નૃત્ય છે.
- હો-હો ના આરોહ-અવરોહ સાથે ગવાતાં આ નૃત્યમાં પહાડો અને જંગલમાં ઘેરા પડછંદો ઊઠતા હોય તેવું લાગે છે.
- નૃત્ય કરનાર પશુ-પક્ષીઓના અવાજની નકલ કરતાં સમૂહમાં નૃત્ય કરે છે.

(2) રાસ : રાસ એટલે ગોળાકારે ફરતાં ફરતાં નૃત્ય સાથે ગાવું તે.

- દાંડિયા રાસએ રાસનો એક પ્રકાર છે.
- રાસ રમતી વખતે સ્ત્રીઓ ભરત ભરેલા ચણિયા-ચોળી અને પુરુષો કેડિયા-ધોતીનો પરંપરાગત પોશાક પહેરે છે.
- નવરાત્રી અને જન્માષ્ટમી જેવા તહેવારોએ રાસ રમાય છે.
- વૈષ્ણવ સંપ્રદાયમાં રાસનું ખૂબ મહત્ત્વ છે.
- ભગવાન શ્રીકૃષ્ણએ ભક્ત નરસિંહ મહેતાને રાસલીલા બતાવી હતી તેવી દંત કથા છે.

29. (1) નાલંદા (2) તક્ષશિલા (3) વારાણસી અને (4) વલભી વિદ્યાપીઠ
નાલંદા વિદ્યાપીઠ : ચીની મુસાફર યુઅન-સ્વાંગ
વલભી વિદ્યાપીઠ : ચીની પ્રવાસી ઇત્સિંગ

30. આપણા દેશમાં પ્રવાસન સ્થળોની સ્વચ્છતા અને જતન માટે કેન્દ્ર અને રાજ્ય સરકારો મહત્ત્વનાં પગલાં લઈ રહી છે અને તેના માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.
પ્રવાસન સ્થળોની સ્વચ્છતા અને જતન માટે નીચેના પ્રયાસો હાથ ધરી શકાય :
(૧) પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવો જોઈએ.
(૨) પ્રવાસનાં સ્થળો કે જાહેર સ્થળોએ કચરો ગમે ત્યાં ન ફેંકતાં કચરાપેટીમાં નાખવો જોઈએ.
(૩) સ્મારકો પર બિનજરૂરી લખાણ કે ચિત્રો દ્વારા નુકસાન પહોંચાડવું જોઈએ નહીં.
(૪) ગંદકીનો યોગ્ય નિકાલ કરવો જોઈએ.
(૫) પાન કે ગુટખા ખાઈને ગમે ત્યાં થૂંકવું જોઈએ નહીં.
(૬) પ્રાચીન કે મહત્ત્વનાં સ્થળોથી આસપાસ પ્રદૂષણ કરવું જોઈએ નહીં.
(૭) ઐતિહાસિક સ્થાપત્ય તરીકે વાવ, ઝરણાં, કૂવા, તળાવો કે જળાશયોની ચોમાસા દરમિયાન ખાસ કાળજી રાખવી જોઈએ.
(૮) દેશ-વિદેશના પ્રવાસીઓ આપણા વારસાને હાનિ ન પહોંચાડે તે માટે તેમને જાગૃત કરવા જોઈએ.
(૯) કુદરતી આફતોથી પ્રવાસન સ્થળોને નુકસાન થાય તો તેને ફરીથી મૂળ રૂપમાં લાવવા પ્રયત્નો કરવા જોઈએ.
વારસો, એ દેશને ખ્યાતિ અપાવે છે. સમુદ્ધિ બક્ષે છે તેથી તેના મૂળ સ્વરૂપને આંચ ન આવે તેવી રીતે આધુનિક વિજ્ઞાન અને ટેક્નોલોજીના સહારે જતન કરવું જોઈએ.

31. રણપ્રકારની જમીન

- આ જમીન સૂકી અને અર્ધસૂકી આબોહવાની પરિસ્થિતિમાં જોવા મળે છે. આ જમીન રેતાળ અને ઓછી ફળદ્રુપ હોય છે તથા તેમાં દ્રાવ્ય ક્ષારોનું પ્રમાણ વધારે છે.
- આ જમીન રાજસ્થાન, હરિયાણા અને દક્ષિણ પંજાબમાં જોવા મળે છે. ગુજરાતના કચ્છ, સૌરાષ્ટ્રના ભાગોમાં પણ આ જમીન જોવા મળે છે.
- જ્યાં સિંચાઈની સુવિધા ઉપલબ્ધ છે. ત્યાં જુવાર, બાજરી જેવા પાક લેવાય છે.

32. અભયારણ્ય

- જે વન્યજીવોના માથે વિનાશનું જોખમ હોય તેવા વન્યજીવોના શિકાર કરવા બાબતે પ્રતિબંધિત સંરક્ષિત ક્ષેત્રોને અભયારણ્યો કહે છે.
- પેરિયાર, ચંદ્રપ્રભા, એતુરનાગરમ્ જાણીતાં અભયારણ્યો છે.

રાષ્ટ્રીય ઉદ્યાન

- વન્યજીવ, ઐતિહાસિક સ્થળો અને પ્રાકૃતિક સૌંદર્યના સંરક્ષણ માટે જાહેર થયેલાં ક્ષેત્રોને રાષ્ટ્રીય ઉદ્યાન કહે છે.
- અહીં પણ વન્યજીવોના શિકાર પર પ્રતિબંધ હોય છે.
- ગીર, વેળાવદર, દરિયાઈ રાષ્ટ્રીય ઉદ્યાન (જામનગર), કોર્બેટ, કાઝીરંગા જાણીતા રાષ્ટ્રીય ઉદ્યાન છે.

**33.** બાગબગીચા, વાહનો, શૌચાલયો તથા વૉશ-બેસિનોમાં વપરાતાં પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરવો.

- જળ-સંરક્ષણ અને તેના કુશળ વ્યવસ્થાપનસંબંધી લોકજાગૃતિ અને લોકભાગીદારી વધારવી.
- એક વાર ઉપયોગમાં લેવાયેલા પાણીનો શક્ય હોય તો પુનઃઉપયોગ થાય તેવા પ્રયાસ કરવા.
- જળાશયોને પ્રદૂષણથી બચાવવાં.
- જળસ્રાવના બધાં જ એકમો જેવાં કે કૂવા, ટ્યૂબવેલ, ખેત-તલાવડી વગેરેનો ઉપયોગ વધારવો.
- ભૂમિગત જળનો ઉપયોગ કરતાં એકમો પર દેખરેખ રાખવી.
- જળસંચય સ્થળોની દુર્દશા અટકાવવી.
- જળ-પ્રદૂષણને અટકાવવા માટે પાણીની પાઇપોનું તત્કાળ સમારકામ કરવું.
- દરેક ક્ષેત્રોમાં આ તમામ ઉપાયો લાગુ પાડી શકાય નહીં. કોઈ વિશિષ્ટ ક્ષેત્રનાં જળ સંસાધનોના વિકાસ અને વ્યવસ્થાપન માટે સ્થાનિક લોકોનો સહકાર લઈ લોકભાગીદારી વધારવી.

**34.** ચૂનાના વિવિધ ઉપયોગો નીચે મુજબ છે :

- સિમેન્ટની બનાવટમાં ચૂનાનો વિપુલ ઉપયોગ થાય છે.
- લોખંડ ગાળવા અને રાસાયણિક ઉદ્યોગ, સોડાએશ, સાબુ, રંગ-રસાયણ, મકાન બાંધકામ, કાગળ અને ખાંડ શુદ્ધીકરણમાં ચૂનાનો ઉપયોગ થાય છે.

**35.** માનવીની વિકાસકૂચમાં ખનીજ સંસાધનોનો મોટો ફાળો છે.

- ખનીજ એ કુદરતી સંસાધન છે.
- માનવીની વિકાસયાત્રાને વિવિધ તબક્કાઓમાં વહેંચવામાં આવી છે. જેમ કે પાષાણયુગ, તામ્રયુગ, કાંસ્યયુગ, લોહયુગ અને આધુનિક સમયગાળો જે અણુયુગ કહેવાય છે.
- આ તબક્કાઓ જે-તે સમયકાળમાં માનવી દ્વારા ઉપયોગમાં આવેલી ખનીજો આધારિત છે.
- પાષાણયુગમાં માનવી હથિયાર માટે પથ્થરનો ઉપયોગ કરતો, તે આજે અવકાશ ઉડ્ડયન કરતો થયો છે.
- આમ, માનવનો ખનીજ સાથેનો સંબંધ ગાઢ અને જૂનો છે.

**36.** વિશ્વબૅન્ક અહેવાલ, 2004 મુજબ જે દેશના લોકોની માથાદીઠ આવક 735 $થી ઓછી હોય તેવા દેશોને વિકાસશીલ દેશ કહે છે.

આવા દેશોમાં જોવાં મળતાં સામાન્ય લક્ષણો નીચે મુજબ છે :

(1) નીચી માથાદીઠ આવક :

- વિકાસશીલ દેશોમાં વસ્તીવૃદ્ધિનો દર વધુ હોવાથી માથાદીઠ આવક નીચી રહે છે. જેના કારણે જીવનધોરણ નીચું રહેવા પામે છે.

(2) વસ્તીવૃદ્ધિ :

- વિકાસશીલ રાષ્ટ્રોમાં વસ્તીવધારો વધુ જોવા મળે છે. આવા દેશોમાં વસ્તીવૃદ્ધિનો દર 2% અથવા તેનાથી પણ વધુ જોવા મળે છે.

(3) કૃષિક્ષેત્ર પર અવલંબન :

- વિકાસશીલ રાષ્ટ્રોમાં ખેતી મુખ્ય આર્થિક પ્રવૃત્તિ હોય છે, જે દેશના 60% લોકો રોજગારી માટે ખેતી પર આધારિત હોય છે અને રાષ્ટ્રીય આવકમાં ખેતીનો ફાળો 25%ની આસપાસ હોય છે.

(4) બેરોજગારી :

- વિકાસશીલ દેશોનું મહત્ત્વનું લક્ષણ બેરોજગારી કહી શકાય. આવા દેશોમાં બેરોજગારી કુલ શ્રમિકોના 3% કરતાં વધુ હોય છે. જેમાં મોસમી, છૂપી અને ઔદ્યોગિક બેરોજગારી મુખ્ય જોવા મળે છે.

**37.** ગ્રાહકનું શોષણ થવાનાં કારણો નીચે મુજબ છે :

(1) ગ્રાહક પોતે જવાબદાર :

- ગ્રાહકની અજ્ઞાનતા, નિરક્ષરતા, જાગૃતિનો અભાવ, સંગઠનનો અભાવ વગેરે પરિબળોના કારણે ઉત્પાદકો ગ્રાહકોનું વિવિધ પ્રકારે શોષણ કરી ગેરલાભ ઉઠાવે છે.

Liberty

(2) મર્યાદિત માહિતી :

- ગ્રાહક ચીજવસ્તુના ઉપયોગની માહિતી કે જાણકારીના જ્ઞાનના અભાવે છેતરાય છે.
- વસ્તુના વેચાણ પછીની સેવાઓ, વોરંટી કે ગેરંટી જેવી માહિતીના અભાવે ગ્રાહક શોષણનો ભોગ બને છે.

(3) મર્યાદિત પુરવઠો :

- જ્યારે બજારમાં વસ્તુ કે સેવાની માંગની સામે પૂરતી માત્રામાં તેનો પુરવઠો હોતો નથી, ત્યારે અછતની સ્થિતિ સર્જાય છે અને ગ્રાહકોનું વિવિધ પ્રકારે શોષણ થાય છે.
- બજારના ઉત્પાદકો કે વેપારીઓ દ્વારા નફાખોરી, સટ્ટાખોરી કે કાળાબજારી દ્વારા કૃત્રિમ અછત ઊભી કરીને ગ્રાહકોનું શોષણ કરવામાં આવે છે.

(4) મર્યાદિત હરીફાઈ :

- બજારમાં મર્યાદિત હરીફાઈ હોય અથવા ઇજારા કે અલ્પહસ્તક ઇજારાની સ્થિતિ પ્રવર્તતી હોય ત્યારે ગ્રાહકોનું વિવિધ પ્રકારે શોષણ થાય છે.
- આવી સ્થિતિમાં ગ્રાહકોને હલકી કક્ષાનો કે ખામીયુક્ત માલસામાન ઊંચી કિંમતે વેચીને ગ્રાહકોનું શોષણ કરવામાં આવે છે.

## વિભાગ-C

**38.** કચ્છ જિલ્લાના ભુજથી લગભગ 140 કિમી દૂર ભચાઉ તાલુકાના મોટા રણના ખદીર બેટના ધોળાવીરા ગામથી બે કિમી દૂર આવેલું હડપ્પાનું સમકાલીન મોટું વ્યવસ્થિત અને પ્રાચીન નગર ધોળાવીરા મળી આવ્યું છે.

- ગુજરાત રાજ્ય પુરાતત્ત્વ વિભાગે ધોળાવીરા ખાતેના ટીંબાનું સર્વેક્ષણ કર્યું પછી આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઇન્ડિયાના અધિકારીઓએ સંશોધન હાથ ધર્યું.
- ઈ.સ. 1990માં રવીન્દ્રસિંહ બિસ્તના માર્ગદર્શન હેઠળ વિશેષ ઉત્ખનન થયું છે.
- ધોળાવીરાના કિલ્લા, મહેલ તેમજ નગરની મુખ્ય દીવાલોને જે સફેદ રંગ કરવામાં આવ્યો હશે તેના અવશેષો મળી આવ્યા છે.
- નગરની કિલ્લેબંધીની મજબૂત સુરક્ષાવ્યવસ્થા છે તથા અહીંની
- દીવાલ માટી, પથ્થર અને ઇંટોમાંથી બનાવેલ છે.
- ધોળાવીરામાં પીવાનું પાણી ગળાઈને શુદ્ધ સ્વરૂપે આવે તેવી વ્યવસ્થા જોવા મળે છે, જે આજે પણ આધુનિક યુગમાં આપણે કરી શક્યા નથી.
- ધોળાવીરામાં પાણીના શુદ્ધીકરણની વ્યવસ્થા અદ્ભુત હતી.

**39.** **સારનાથનો સ્તંભ**

- સમ્રાટ અશોકના ધર્મજ્ઞાઓ કોતરેલા સ્તંભલેખો સ્થાપત્યના ઉત્તમ નમૂના છે.
- સારનાથનો સ્તંભ શિલ્પકલાનો શ્રેષ્ઠ નમૂનો છે.
- સારનાથ ભગવાન બુદ્ધના ઉપદેશનું સ્થાન છે.
- આ સ્તંભની ટોચ ઉપર પરસ્પર અડકીને ઊભેલા ચાર સિંહોની આકૃતિ છે.
- સિંહોની નીચે ચારે બાજુ ચાર ધર્મચક્રો અંકિત કરેલ છે. જે ધર્મનો વિજય બતાવતા હોવાથી ધર્મચક્રો કહેવાય છે.
- પ્રજાસતાક ભારતના રાષ્ટ્રધ્વજમાં ધર્મચક્રને સ્થાન આપવામાં આવ્યું છે.
- તદ્ઉપરાંત હાથી, ઘોડા અને બળદની શિલ્પકૃતિઓ છે.
- ચાર સિંહોની આકૃતિને ભારતના રાષ્ટ્રીય ચિહ્ન તરીકે સ્થાન આપવામાં આવેલ છે.
- સારનાથનો સ્તંભ વિશ્વની સર્વાતમ શિલ્પકૃતિ પૈકીનો એક શ્રેષ્ઠ નમૂનો છે.

**મોઢેરા સૂર્યમંદિર :**

- ગુજરાતના મોઢેરા (મહેસાણા) ખાતે આવેલ સૂર્યમંદિર ઈ.સ. 1026માં સોલંકી વંશના રાજવી ભીમદેવ પ્રથમના શાસનકાળમાં બંધાયું હતું.
- આ મંદિરનું પ્રવેશદ્વાર પૂર્વ દિશામાં એવી રીતે રચવામાં આવ્યું છે કે સૂર્યનું પ્રથમ કિરણ મંદિરના ગર્ભગૃહમાં રહેલી સૂર્યપ્રતિમાના મુકુટની મધ્યમાં રહેલા મણિ પર પડતાં સમગ્ર મંદિર પ્રકાશથી ઝળહળી ઊઠતું અને સમગ્ર વાતાવરણમાં જાણે કે દિવ્યતા પ્રગટતી.
- આ મંદિરમાં સૂર્યની 12 મૂર્તિઓ અંકિત થયેલી આજે પણ જોઈ શકાય છે.
- આ મંદિરનું નકશીકામ ઇરાની શૈલીમાં થયેલું જોવા મળે છે.

- મંદિરની બહારના જળકુંડની ચારે બાજુ નાનાં નાનાં કુલ 108 જેટલાં દેરાં આવેલાં છે. ત્યાં ઉષા અને સંધ્યાકાળે પ્રગટતી દીપમાલાને લીધે એક નયનરમ્ય દૃશ્ય ઊભું થતું હતું.

**40.** તાજમહાલ
- ઉત્તર પ્રદેશના આગ્રામાં યમુના નદીના કિનારે તાજમહાલ આવેલો છે.
- મુગલ સમ્રાટ શાહજહાંએ પોતાની બેગમ મુમતાજ મહલની યાદમાં તાજમહાલનું નિર્માણ કરાવ્યું હતું.
- ઈ.સ. 1630માં મુમતાજનું અવસાન થયું, ત્યારબાદ ઈ.સ. 1631થી ઈ.સ. 1653ના સમયગાળામાં તાજમહાલનું નિર્માણ થયું.
- તાજમહાલ એ સંપૂર્ણ આરસના સુશોભિત પથ્થરમાંથી નિર્માણ પામેલો છે.
- તાજમહાલની મધ્યમાં મુમતાઝની કબર છે. જેની ચારે બાજુ સુંદર અષ્ટકોણીય કલાત્મક જાળી છે.
- મહેરાબ પર એક ઉક્તિ છે. "સ્વર્ગના બગીચામાં પવિત્ર દિલોનું સ્વાગત છે." (મુમતાઝનું નામ : અર્જમંદબાનુ)

**41.** જમીનધોવાણનો અર્થ :
- જમીનધોવણ એટલે જમીનના કણોનું ગતિશીલ હવા કે પાણી દ્વારા એક સ્થળેથી બીજા સ્થળે દૂર સુધી સ્થળાંતરિત થવું.
- જમીનના ઉપલા કણોનું ઝડપથી કુદરતી બળો દ્વારા અન્યત્ર સ્થળાંતર થઈ જવું.

જમીનધોવાણ અટકાવવાના ઉપાયો :
- જમીન પર પશુચરાણ પ્રવૃત્તિઓ નિયંત્રિત કરવી.
- ઢાળવાળી જમીનોમાં સમોચ્ચરેખીય પગથિયાંની તરાહથી વાવેતર કરવું.
- પડતર જમીનમાં વૃક્ષોનું વાવેતર કરવું.
- પાણીના વહેળા પડતા હોય ત્યાં આડબંધ બનાવવા.
- ઢાળવાળા ખેતરમાં ઊંડી ખેડ કરી વહેતાં પાણીનો વેગ ધીમો પાડવો.

**42.** ખેતી પર આધારિત ઉદ્યોગમાં સુતરાઉ કાપડ પછી બીજું મહત્ત્વનું સ્થાન ખાંડ ઉદ્યોગોનું છે.
- શેરડીમાં પાણીની માત્રા ઓછી ન થઈ જાય તે માટે શેરડીને કાપ્યાં પછી ચોવીસ કલાકમાં તેનું પિલાણ કરવું જરૂરી છે નહિ તો તેમાં સમય જતાં ઉત્પાદન ઘટે છે.
- શેરડીમાં ગળપણનું પ્રમાણ વધુ છે. તેથી કાપ્યા પછી સંગ્રહ થાય તો તેમાં ઝડપથી સડો પ્રવેશ કરે છે.
- શેરડી વજનમાં ભારે છે. તેથી જો કારખાનાં દૂર હોય, તો પરિવહન ખર્ચ વધુ રહે છે.
- આવાં કારણોથી બચવા ખાંડનાં કારખાનાં શેરડીનાં ઉત્પાદક સ્થળોની નજીક સ્થપાય છે.

**43.** ઔદ્યોગિક વિકાસનું યોગ્ય આયોજન કરી પ્રદૂષણની માત્રા ઘટાડી શકાય છે.
- ઉપકરણોની ગુણવત્તા તથા તેમાં ઘણની પસંદગી દ્વારા પણ પ્રદૂષણ ઓછું કરી શકાય છે.
- હવામાં ઉત્સર્જિત થતાં પ્રદૂષણને ફિલ્ટર, સ્ક્રબર, યંત્ર, પ્રેસિપિટેટર્સ દ્વારા નિયંત્રિત કરી શકાય.
- ઉદ્યોગોના પ્રદૂષિત પાણીને નદીમાં છોડતા પહેલાં શુદ્ધીકરણ કરી જળ-પ્રદૂષણ નિવારી શકાય.
- ઉદ્યોગમાં ઉપયોગમાં લેવાયેલા પાણીને પ્રક્રિયા દ્વારા શુદ્ધ કરી શકાય છે.

**44.** **(1) ISO** (ઇન્ટરનેશનલ સ્ટાન્ડર્ડાઇઝેશન ઓર્ગેનાઇઝેશન) :
- સ્થાપના : 1947માં અને વડું મથક જિનીવામાં છે.
- કાર્ય : આંતરરાષ્ટ્રીય સમજૂતી ISO, 9000 આંતરરાષ્ટ્રીય ગુણવત્તાનું પ્રમાણપત્ર ઉત્પાદન એકમોને તથા સંસ્થાઓને આપવામાં આવે છે.
- ISO, 14000 શ્રેણી પર્યાવરણ વ્યવસ્થાપન પદ્ધતિ માટે અપાય છે.
- ઈ.સ. 1947માં 'ઇન્ડિયન સ્ટાન્ડર્ડ ઇન્સ્ટિટ્યૂટ' (ISI)ની સ્થાપના
- ઈ.સ. 1986થી 'બ્યૂરો ઓફ ઇન્ડિયન સ્ટાન્ડર્ઝ' (BIS) નામે ઓળખાય છે.

**(2) ISI**
- ISI સંસ્થા યોગ્ય ગુણવત્તા ધરાવતાં વિવિધ ઉત્પાદકોને 'ISI' માર્કો ઉત્પાદકીય ઉપકરણો પર વાપરવાની છૂટ આપે છે, જેમાં ટેક્સ્ટાઇલ, જંતુનાશકો, રબર-પ્લાસ્ટિકની બનાવટો, સિમેન્ટ, ધાતુ, ઇલેક્ટ્રિક વસ્તુ પરનો લોગો છે.
- ખેત પર આધારિત ચીજવસ્તુઓ, વનપેદાશો, બાગાયતી અને પશુ-પેદાશોની ગુણવત્તાના માનક 'એગમાર્ક' લગાડવામાં આવે છે. DMI 'એગમાર્ક' વાપરવાનો પરવાનો આપે છે.
- સોનાનાં આભૂષણો પરના માર્ક સોનાની શુદ્ધતા માટે BIS તથા હોલમાર્ક તથા 'J' જે તે વર્ષનું હોલમાર્કિંગ થયું હોય તે વર્ષનું ચિહ્ન.
- જામ, ફ્રૂટ, જ્યુસ, ટિનમાં પેક કરેલાં ફળો અને શાકભાજી ઉત્પાદનો પરનો લોગો.

**(3) ECO**

- સાબુ, ડિટર્જન્ટ, કાગળ, પાઉડર કોટિંગ, લુબ્રિકેટિંગ ઓઇલ, પેકેજિંગ મટીરિયલ, રંગ-રસાયણો, સૌંદર્ય-પ્રસાધનો, લાકડાના બદલે વપરાતી વસ્તુઓ, ચર્મ અને પ્લાસ્ટિક બનાવટો પર લાગતો માર્કો.
- આજે BIS આ માર્કો વાપરવાનો પરવાનો આપે છે.

**45.** ભારતનું બંધારણ તમામ નાગરિકોને સમાનતા અને ન્યાયની બાંયધરી આપે છે. 2011ની વસ્તીગણતરી મુજબ ભારતમાં પુરુષો 51.54% અને સ્ત્રીઓ 48.46% છે.

- વિશ્વના કોઈ પણ રાષ્ટ્રની પ્રગતિ અને વિકાસનો આધાર માનવ સંસાધન તરીકે સ્ત્રીઓની ભૂમિકા અગ્રગણ્ય છે.
- સ્ત્રી અને પુરુષની જૈવિક ભિન્નતાને કારણે સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્રમાં ભેદભાવ જોવા મળે છે. જેમ કે –
- મહિલાઓ ઘરકામ, બાળઉછેર કે રસોઈ બનાવે તેનો કોઈ હિસ્સો આર્થિક ઉપાર્જન કે રાષ્ટ્રીય આવકમાં ગણાતો નથી.
- પ્રારંભકાળથી સ્ત્રીઓને આરોગ્યની અપૂરતી દેખભાળ તેમજ શિક્ષણ અને આર્થિક અધિકારોથી વંચિત રાખવામાં આવી છે.
- આજે દીકરા-દીકરીનાં કપડાંમાં, રમતમાં, અભ્યાસમાં, ખોરાકમાં, હરવા-ફરવામાં, આચાર-વિચારમાં અને વ્યવહારમાં દીકરીને જૂઠી શિખામણ – આમ અનેક રીતે ભેદભાવ જોવા મળે છે.
- મહિલાઓમાં સાક્ષરતાનું પ્રમાણ ઓછું હોવાથી સ્ત્રીઓ બાળલગ્ન, પડદાપ્રથા, દહેજપ્રથા અને વિવિધ કુરિવાજોનો ભોગ બને છે.
- સમાજમાં ભ્રૂણહત્યા, નીચો આદરભાવ, પુત્રજન્મને પ્રાધાન્ય, સામાજિક અસમાનતા અને જાતીય ભેદભાવને લીધે સ્ત્રીઓએ જ અન્યાયનો ભોગ બનવું પડે છે.
- આર્થિક, સામાજિક, રાજકીય, સાંસ્કૃતિક અને ધાર્મિક ક્ષેત્રે તક અને નિર્ણયપ્રક્રિયામાં અસમાનતા જોવા મળે છે.
- ભારતના મોટા ભાગનાં રાજ્યોમાં ઉચ્ચ પદ, ઊંચી આવક, વધુ લાભ, વધુ વેતન મળે તેવા ઉદ્યોગો અને નોકરીઓમાં પુરુષોનું વર્ચસ્વ છે.
- આજે પણ મહિલા સાંસદોનું પ્રમાણ 12.2 % જ છે. ઉપરાંત વિધાનસભા, વરિષ્ઠ અધિકારીઓ, મેનેજરો, કંપનીઓના ડિરેક્ટરો, વ્યાવસાયિક અને ટેક્નિકલ ક્ષેત્રે મહિલાઓનું ઓછું પ્રમાણ તથા સ્ત્રી-પુરુષો વચ્ચે સ્પષ્ટ ભેદભાવ જોવા મળે છે.

**46.** કેટલાક ગણ્યાગાંઠ્યા લોકો એકત્રિત અને સંગઠિત બની આયોજનપૂર્વક તથા જાણીજોઈને કરવામાં આવતા અનૈતિક અને હિંસાત્મક કૃત્યને આતંકવાદ કહે છે.

**કશ્મીરમાં આતંકવાદ**

- આઝાદી બાદ પાકિસ્તાને કશ્મીરના કેટલાક ભાગ પર કબજો જમાવી રાખ્યો છે.
- જમ્મુ-કશ્મીર ભારતનું અભિન્ન અંગ હોવા છતાં પાકિસ્તાને તેને મેળવવા યુદ્ધ અને અંતે આતંકવાદનો આશરો લીધો છે.
- 1988 પછી કશ્મીરમાં આતંકવાદ વધી ગયો છે તથા ત્યાં ભય ફેલાવી પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવા પ્રયત્નો કરે છે.
- કશ્મીરમાંથી અનેક પંડિત કુટુંબો સ્થળાંતર કરી કશ્મીરની બહાર જીવી રહ્યાં છે.
- કશ્મીર આતંકવાદ સામે ભારત મક્કમતાપૂર્વક અને મજબૂત રીતે સામનો કરી રહ્યું છે.
- ભારત વૈશ્વિક સ્તરે કોઈ પણ સ્થાને, કોઈ પણ રીતે અને કોઈ પણ સમયે થતાં આતંકવાદનો વિરોધ કરે છે.

## વિભાગ-D

**47.** રસાયણશાસ્ત્ર એક પ્રયોગાત્મક વિજ્ઞાન છે.

- રસાયણવિદ્યામાં વિવિધ ખનીજો, છોડ, કૃષિ માટેનાં બીજ, વિવિધ ધાતુઓનું નિર્માણ કે તેમાં પરિવર્તન તથા સ્વાસ્થ્યની દૃષ્ટિએ જરૂરી ઔષધિઓના નિર્માણ સંબંધિત માહિતી અને ઉપયોગી બાબતો છે.
- નાલંદા વિદ્યાપીઠના બૌદ્ધ આચાર્ય નાગાર્જુનને 'ભારતીય રસાયણશાસ્ત્રના આચાર્ય' માનવામાં આવે છે. એમણે 'રસરત્નાકર' અને 'આરોગ્યમંજરી' જેવા ગ્રંથો લખ્યા છે.
- નાગાર્જુને વનસ્પતિ ઔષધિઓની સાથે સાથે રસાયણ ઔષધો વાપરવાની ભલામણ કરી હતી.
- પારાની ભસ્મ કરીને ઔષધ તરીકે વાપરવાનો પ્રયોગ તેમના દ્વારા શરૂ થયો હોય તેમ મનાય છે.
- નાલંદા વિદ્યાપીઠમાં રસાયણવિદ્યાના અભ્યાસ અને સંશોધન માટે પોતાની અલગ રસાયણશાખા અને ભઠ્ઠીઓ સ્થાપી હતી.

eLiberty

- રસાયણશાસ્ત્રોના ગ્રંથોમાં મુખ્ય રસ, ઉપરસ, દસ પ્રકારનાં વિષ તેમજ વિવિધ પ્રકારના ક્ષારો અને ધાતુઓની ભસ્મનું વર્ણન મળે છે.
- રસાયણવિદ્યા ઉત્કૃષ્ટતા દર્શાવતા ઉદાહરણ નીચે મુજબ છે :

1. બિહારમાં સુલતાનગંજ ખાતે બનેલી બુદ્ધની તામ્રમૂર્તિ જે 7.5 ફૂટ ઊંચી, 1 ટન વજન ધરાવે છે.
2. નાલંદામાંથી મળી આવેલી બુદ્ધની તામ્રમૂર્તિ જે 18 ફૂટ ઊંચી છે.
3. ચંદ્રગુપ્ત બીજાએ (વિક્રમાદિત્ય) દિલ્હીમાં બંધાવેલો લોહસ્તંભ કે જે 7 ટન વજન અને 24 ફૂટ ઊંચો છે. જેને હજુ સુધી વરસાદ, ઠંડી અને ગરમીની કોઈ અસર થઈ નથી કે કાટ લાગતો નથી.

- આ જ ભારતની રસાયણવિદ્યાની ઉત્કૃષ્ટતા દર્શાવે છે.

**48.** પ્રાચીન ભારતનું વાસ્તુશાસ્ત્રમાં મહત્ત્વનું યોગદાન છે.

- વાસ્તુશાસ્ત્ર એ જ્યોતિષશાસ્ત્રનું અવિભાજ્ય અંગ છે.
- પ્રાચીન ભારતીય વાસ્તુશાસ્ત્રની ગણના, મહત્તા અને પ્રશંસા વિશ્વભરમાં થતી રહી છે.
- પ્રાચીન ભારતમાં બ્રહ્મા, નારદ, બૃહસ્પતિ, ભૃગુ, વશિષ્ટ અને વિશ્વકર્મા એ મહત્ત્વપૂર્ણ વાસ્તુશાસ્ત્રીઓ હતા.
- વાસ્તુશાસ્ત્રમાં રહેવાની જગ્યા, મંદિર, મહેલો, કિલ્લા, અશ્વશાળા જેવાં સ્થાપત્યોના નિર્માણ સંબંધિત માહિતી છે. જેમ કે કેવી રીતે રચના કરવી ? કઈ દિશામાં કરવી તેનો સ્પષ્ટ ઉલ્લેખ છે.
- બૃહદ્સંહિતામાં વાસ્તુશાસ્ત્રનો ઉલ્લેખ છે.
- પંદરમી સદીમાં મેવાડના રાણા કુંભાએ વાસ્તુશાસ્ત્રનો પુનરુદ્ધાર કરાવ્યો.
- દેવોના પ્રથમ સ્થપતિ વિશ્વકર્મા છે. જેમણે વાસ્તુશાસ્ત્રને આઠ ભાગોમાં વિભાજિત કર્યું.
- વાસ્તુશાસ્ત્રમાં જગ્યાની પસંદગી, વિવિધ આકારો, રચના, કદ તેમજ વસ્તુઓની ગોઠવણી, દેવમંદિર, બ્રહ્મસ્થાન ભોજનકથા, શયનખંડ આદિ વિવિધ સ્થાનોની માહિતી આપવામાં આવી છે.
- વાસ્તુશાસ્ત્રના દૃષ્ટિબિંદુમાં હવે પરિવર્તન આવ્યું છે તથા તેને વિદેશમાં પણ સ્વીકૃતિ મળી રહી છે.

**49.** મગફળી, તલ, સરસવ, નાળિયેર અને એરંડા, એ મહત્ત્વના તેલીબિયાંના પાક છે. આ પાકમાંથી ખાદ્યતેલ, પશુ આહાર તરીકે ખોળ અને સેન્દ્રિય ખાતર પ્રાપ્ત થાય છે. મુખ્ય પાક આ મુજબ છે :

**(A) મગફળી :**

- મહત્ત્વનું સ્થાન ધરાવતાં આ પાકને કાળી, કસવાળી, ગોરાડુ અને લાવાની રેતીમિશ્રિત જમીન અનુકૂળ રહે છે.
- તાપમાન 20°-35° જ્યારે વરસાદ 50-70 સેમી અનુકૂળ રહે છે.
- સિંચાઈની સગવડ છે, ત્યાં ઉનાળામાં પણ આ પાક લેવાય છે.
- મગફળી ઉત્પાદનમાં ભારત ચીન પછી બીજા ક્રમે છે. જ્યારે દેશમાં ગુજરાત રાજ્ય પ્રથમ છે.
- ગુજરાત ઉપરાંત આંધ્ર પ્રદેશ, મહારાષ્ટ્ર અને તમિલનાડુ મગફળી ઉત્પાદનમાં મુખ્ય રાજ્યો છે.

**(B) તલ :**

- તલ એ ઉત્તર ભારતમાં વરસાદ આધારિત ખરીફ પાક, જ્યારે દક્ષિણ ભારતમાં રવી પાક તરીકે તો ક્યાંક જાયદ પાક તરીકે પણ વાવેતર થાય છે.
- બધાં તેલીબિયાંમાં તલ સૌથી વધુ તેલનું પ્રમાણ ધરાવે છે અને દુનિયામાં દરેક ભાગમાં તેનો ઉપયોગ થાય છે.
- સમગ્ર દેશમાં તલનાં વાવેતર અને ઉત્પાદનમાં ગુજરાત પ્રથમ ક્રમે છે અને તેમાં બનાસકાંઠા જિલ્લો પ્રથમ ક્રમે છે.
- ગુજરાત ઉપરાંત તમિલનાડુ, પશ્ચિમ બંગાળ, કર્ણાટક અને મધ્ય પ્રદેશ મુખ્ય ઉત્પાદક રાજ્ય છે.
- ભારત વિશ્વમાં તલની સૌથી વધુ નિકાસ કરતો દેશ છે.

**(C) સરસવ :**

- સરસવ મહત્ત્વનો તેલીબિયાંનો રવી પાક છે.
- સરસવનાં બીજ અને તેલને ઔષધીય તેમજ ખાદ્યતેલ તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે.
- ભારતમાં રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, હરિયાણા, પશ્ચિમ બંગાળ, ગુજરાત અને મધ્ય પ્રદેશ તેનાં મુખ્ય ઉત્પાદક રાજ્યો છે.

**(D) નાળિયેર :**

- નાળિયેર, એ દરિયાકિનારાની ગરમ અને ભેજવાળી આબોહવા તથા ક્ષારવાળી જમીનમાં થતો બાગાયતી પાક છે.
- ભારતમાં કર્ણાટક, કેરલ, તમિલનાડુ, અંદમાન-નિકોબારમાં નાળિયેરના બગીચા આવેલા છે.
- નાળિયેરીની ઓછી ઊંચાઈ ધરાવતી નવી જાતો વિકસાવી છે.
- દક્ષિણ ભારતમાં કોપરેલ તેલનો ખાદ્યતેલ તરીકે અને નાળિયેરનું પાણી સ્વાસ્થ્યવર્ધક પીણાં તરીકે ઉપયોગી છે.

**(E) એરંડા (દિવેલા) :**

- એરંડા એ ખરીફ અને રવી પાક છે.
- વિશ્વના કુલ ઉત્પાદનમાં 64% ઉત્પાદન ભારતમાં થાય છે, એટલે કે ભારત વિશ્વમાં એરંડા ઉત્પાદનમાં પ્રથમ છે.
- ભારતના કુલ ઉત્પાદન પૈકી 80% ઉત્પાદન ગુજરાતમાં થાય છે. ઉપરાંત, આંધ્ર પ્રદેશ અને રાજસ્થાનમાં વાવેતર થાય છે.
- વર્તમાન સમયમાં કપાસિયા, સૂર્યમુખી, ડાંગર અને મકાઈના સોયાબીન તેલનો ખાદ્યતેલ તરીકે વપરાશ થાય છે.

**50.** ભારતમાં ગ્રામીણ અને શહેરી, એમ બંને ક્ષેત્રે ગરીબી જોવા મળે છે. જોકે ગરીબીનાં મૂળિયાં શહેરો કરતાં ગ્રામીણ ક્ષેત્રે ખૂબ ઊંડે સુધી વિસ્તરેલાં જોવા મળે છે. તેનાં કારણો નીચે મુજબ છે :

(1) કૃષિક્ષેત્રે અપૂરતો વિકાસ અને અપૂરતી સિંચાઈની સવલતોના કારણે કૃષિક્ષેત્રમાંથી મળતી આવકમાં ઘટાડો થયો.

(2) ખેતી સિવાયના સમયમાં વૈકલ્પિક રોજગારીની તકોનો અભાવ.

(3) ગ્રામીણ ક્ષેત્રે અન્ય રોજગારી માટે જરૂરી જ્ઞાન, શિક્ષણ, તાલીમ અને કૌશલ્યનો અભાવ.

(4) રૂઢિ-પરંપરાઓ, જ્ઞાતિપ્રથા કે રિવાજો પાછળના ખર્ચ કે બિનઉત્પાદકીય ખર્ચમાં વધારો થવાથી દેવામાં ડૂબે.

(5) નિરક્ષરતાનું પ્રમાણ વધુ હોવાથી શોષણ અને અન્યાયનો ભોગ બને છે તથા સરકારી યોજનાની માહિતીના અભાવે તેનો લાભ લઈ શકતા નથી.

(6) આર્થિક નીતિઓના ઘડતરમાં છેવાડાના માનવીની જરૂરિયાતો અને તેમનાં આર્થિક હિતોની ઉપેક્ષા થવાથી.

(7) દેશમાં રોકડિયા પાકોનું ઉત્પાદન વધ્યું અને ખાદ્ય પાકોનું ઉત્પાદન ઘટ્યું. જેના કારણે અનાજ-કઠોળની અછત ઊભી થઈ તેથી ભાવો વધ્યા અને ખર્ચમાં વધારો થવાથી બે ટંકનું ભોજન પ્રાપ્ત થવાથી ગરીબી વધી.

(8) આર્થિક સુધારાઓના અમલ થકી ગ્રામીણ અર્થવ્યવસ્થા પડી ભાંગી, કુટિર અને લઘુઉદ્યોગો નાશ પામ્યા, લોકોનું આર્થિક શોષણનો ભોગ બનવાથી સ્થળાંતર વધ્યું.

(9) ગરીબો કુપોષણ થકી વિવિધ રોગના ભોગ બને છે. તેથી આરોગ્ય-વિષયક ખર્ચ વધ્યા તેથી સારવાર કે દવા પાછળના ખર્ચ વધવાથી આવક સ્થિર રહી.

(10) ટેક્નોલોજીમાં ફેરફાર આવતાં પરંપરાગત વ્યવસાય અને કુટિર ઉદ્યોગો પડી ભાંગ્યા તથા સ્થાનિક બજારો બંધ થતાં બેકારીમાં વધારો થયો.

(11) વસ્તીવૃદ્ધિ-દર વધ્યો, મૃત્યુદર ઘટ્યો તેથી સરેરાશ આયુષ્યમાં વધારો થયો. જેના કારણે શ્રમની કુલ માગ કરતાં શ્રમનો પુરવઠો વધ્યો. જેથી બેકારી વધી.

(12) લોકોની જીવન-જરૂરિયાતની વસ્તુઓની માંગ વધી સામે ઉત્પાદન ઘટતા ભાવ વધ્યા તેથી ખરીદશક્તિમાં ઘટાડો થયો. જીવનધોરણ કથળ્યું. અંતે ગરીબાઈમાં વધારો થયો.

**51.** બેરોજગારીની સમસ્યા એ આપણા આયોજનની એક સૌથી નબળી કડી છે. બેરોજગારી ઘટાડવા સરકારે હાથ ધરેલા ઉપાયો નીચે મુજબ છે :

(1) ભારતમાં આર્થિક વૃદ્ધિદરનો વાર્ષિક 10% નો લક્ષ્યાંક રાખીને ઝડપી વિકાસનાં સર્વગ્રાહી પગલાં ભરવાં. ખાનગી અને જાહેર ક્ષેત્રે મૂડીરોકાણનું પ્રમાણ વધારવું. જેથી રોજગારીની તકોમાં વધારો થાય. સરકારે રોજગારી વધારવા માટે અનેક યોજના દ્વારા આર્થિક સહાય, શિક્ષણ, તાલીમનાં કેન્દ્રો શરૂ કર્યાં છે.

(2) શ્રમપ્રધાન ઉત્પાદન પદ્ધતિ પર આધારિત વપરાશી વસ્તુઓનું ઉત્પાદન કરતાં એકમો, નાના અને લઘુ ઉદ્યોગો, ગ્રામોદ્યોગ, હાથશાળ અને હસ્તકલા કારીગરીને લગતા હજાર ઉદ્યોગોનો વિકાસ હાથ ધરવો જોઈએ.

(3) ગ્રામીણ ક્ષેત્રે ખેતી સિવાયના સમયની બેરોજગારી ઘટાડવા માટે ખેતરોમાં એકથી વધુ વખત પાક લઈ શકાય એવી પદ્ધતિ વિકસાવવી. નવી જમીન ખેડાણ હેઠળ લાવવી, પ્રત્યેક ખેતરને પાણી અને વીજળીની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી જોઈએ.

- ખેતીને સંલગ્ન મરઘાં-બતકાં, મધમાખી-ઉછેર, પશુપાલન, વનીકરણ, ડેરીઉદ્યોગ જેવી પ્રવૃત્તિઓનો વિકાસ કરવો.

(4) ગ્રામીણ ક્ષેત્રે રોજગારીની તકો વધારવી જેથી શહેરો તરફનું સ્થળાંતર ઘટાડી શકાય. તે માટે કૃષિક્ષેત્રે બાગાયતી ખેતી, સેન્દ્રિય ખાતર, સૂકી ખેતી અને બહુલક્ષી પાક-પદ્ધતિને પ્રોત્સાહન આપવું.

(5) ગ્રામીણ ક્ષેત્રે માનવ વિકાસને ટકાવી રાખવા માટે તેમના આરોગ્ય, શિક્ષણ, પીવાનુ ચોખ્ખું પાણી, પૌષ્ટિક આહાર, વીજળી, રસ્તાઓ, બેન્કિંગ, વીમો, ઇન્ટરનેટ, સંદેશાવ્યવહાર, મોજશોખની સવલતો વધારીને તથા સાર્વજનિક સ્થાયી મિલકતોનું નિર્માણ કરીને લોકોના જીવનમાં ગુણાત્મક અને પરિમાણાત્મક સુધારો લાવવાનો મુખ્ય હેતુ રહ્યો છે.

(6) શિક્ષિત અને યુવા બેરોજગારીમાં ઘટાડો કરવા કૌશલ્યનો વિકાસ કરવો અને રોજગારીને અનુરૂપ શિક્ષણ આપી કુશળ કારીગરો ઊભા થાય તેવી વ્યાવસાયિક કે તક્નિકી શિક્ષણ-પદ્ધતિ અપનાવવી જોઈએ.

(7) ભારત સરકારના શ્રમમંત્રાલય અને રાજ્ય સરકારે યુવા રોજગારોને ઔદ્યોગિક વિકાસની સાથે તેમનામાં જ્ઞાન, સમજણ, ઉત્સાહ અને કાર્યક્ષમતા વધે તે માટે તાલીમ અને પ્રશિક્ષણ દ્વારા કૌશલ્ય વિકાસના અનેક કાર્યક્રમો અમલમાં મૂક્યા છે. જેવાં કે ‘મેઇક-ઇન ઇન્ડિયા’, ‘સ્કીલ ઇન્ડિયા’, ‘ડિજિટલ ઈન્ડિયા.’

- હાલમાં દરેક રાજ્યોમાં એક IIT અને IIM જેવી ઉચ્ચ સંસ્થાઓ સ્થાપવામાં આવી રહી છે.

(8) શ્રમશક્તિના આયોજન થકી બેરોજગારીમાં ઘટાડો થઈ શકે છે. આજે રોજગારીનાં નવાં ક્ષેત્રો ખૂલ્યાં છે. જેમાં કમ્પ્યૂટર ટેક્નોલોજી, ઇન્ફર્મેશન ટેક્નોલોજી, ફાર્માક્ષેત્ર, બિઝનેસ મેનેજમેન્ટ, ધંધાકીય વ્યવસ્થાપન, પેકિંગ અને પ્રોસેસિંગ, આઉટ સોર્સિંગ, માર્કેટિંગ, કેટરિંગ મેનેજમેન્ટ વગેરે નવીન ક્ષેત્રોમાં રોજગારીની વિપુલ તકો રહેલી છે.

- રોજગારીને અનુરૂપ તથા સ્થાનિક જરૂરિયાતને પૂરક નવા અભ્યાસક્રમો, પાઠ્યક્રમો અને શિક્ષણ, પ્રશિક્ષણ તથા તાલીમી સંસ્થાઓમાં ઝડપથી નવીનીકરણીય પ્રક્રિયા હાથ ધરવી જોઈએ.
- ટૂંકા ગાળાના ડિપ્લોમા કે સર્ટિફિકેટ પ્રકારના પ્રત્યક્ષ તાલીમી અભ્યાસક્રમો શરૂ કરવામાં આવ્યા છે.
- નવા ઉદ્યોગ-ધંધા શરૂ કરવા માટે ઉદ્યોગ સાહસિકોને 'સ્ટાર્ટ-અપ ઇન્ડિયા' અન્વયે સસ્તી લોન સહાય પૂરી પાડવાના પણ પ્રયત્નો થયા છે.

(9) ઉદ્યોગ સંબંધિત વિકાસ કરી નવી રોજગારીની તકોનું સર્જન થાય તે માટે નવા વ્યાપાર-ઉદ્યોગોની શરૂઆત થાય તે આવશ્યક છે. સરકાર દ્વારા ઓછા મૂડીરોકાણથી, યંત્રો, કાચોમાલ કે ઓફિસ ફર્નિચર ખરીદવા માટે ઓછા વ્યાજના દરે ધિરાણની સવલતો, વેચાણ માટેની સહાયતા જેવી અનેક યોજનાઓ દ્વારા સ્વરોજગારીને પ્રોત્સાહન આપવાના અનેક પગલાં ભર્યાં છે.

(10) રોજગાર વિનિમય કેન્દ્રો, રોજગારી શોધતી વ્યક્તિઓ, શ્રમિકો, કામદારો કે શિક્ષિત કુશળ, અર્ધકુશળ, યુવાનોને કામ આપવા માગતા માલિકો સાથે જોડવાનું કડીરૂપ કાર્ય કરે છે. આ સંસ્થા રોજગાર, કારકિર્દી જેવાં મેગેઝિન અને સામયિકો દ્વારા રોજગારીની પૂરતી માહિતી પૂરી પાડે છે.

- મોડેલ કેરિયર સેન્ટર અને હેલ્પલાઇન નંબર 1800-425-1514 દ્વારા લોકોને માહિતી-માર્ગદર્શન પૂરાં પાડે છે. ભારતમાં ડિસેમ્બર સુધીમાં દેશમાં 947 રોજગાર વિનિમય કેન્દ્રો હતાં.

**52. મગફળી :**

- મહત્ત્વનું સ્થાન ધરાવતાં આ પાકને કાળી, કસવાળી, ગોરાડુ અને લાવાની રેતીમિશ્રિત જમીન અનુકૂળ રહે છે.
- તાપમાન 20°-35° જ્યારે વરસાદ 50-70 સેમી અનુકૂળ રહે છે.
- સિંચાઈની સગવડ છે, ત્યાં ઉનાળામાં પણ આ પાક લેવાય છે.
- મગફળી ઉત્પાદનમાં ભારત ચીન પછી બીજા ક્રમે છે. જ્યારે દેશમાં ગુજરાત રાજ્ય પ્રથમ છે.
- ગુજરાત ઉપરાંત આંધ્ર પ્રદેશ, મહારાષ્ટ્ર અને તમિલનાડુ મગફળી ઉત્પાદનમાં મુખ્ય રાજ્યો છે.

**53.** દિવ્યાંગ બાળકોને શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ, શિક્ષણ, રમત-ગમત જેવી અન્ય પ્રવૃત્તિઓમાં સમાન તક આપવામાં આવે.

- વાણી, વ્યવહાર અને વર્તનમાં દિવ્યાંગ સાથે ભેદભાવ રાખવો નહિ. આ અંગે વિશેષ કાળજી રાખવી.
- શૈક્ષણિક સંસ્થાઓની ભૌતિક સુવિધાઓ દિવ્યાંગ બાળકો સુગમ્ય રીતે તેનો ઉપયોગ કરી શકે, તે રીતે સુવિધાઓ પૂરી પાડવી. દા.ત., ઢાળવાળો રેમ્પ બનાવવો, અવર-જવરની અડચણો દૂર કરવી. બેસવાની ખુરશી-બેંચની વ્યવસ્થા, સંડાસ-બાથરૂમ વગેરે.
- શૈક્ષણિક કારકિર્દી અને સામાજિક વિકાસ સતત અને સર્વગ્રાહી રીતે થાય તેવું વાતાવરણ પૂરું પાડવું.
- જેઓ દૃષ્ટિક્ષતિ, શ્રવણક્ષતિ અથવા બધિરાંધતા હોય તેવાં દિવ્યાંગ બાળકો માટે યોગ્ય ભાષા સંજ્ઞાઓની લિપિ દ્વારા શિક્ષણ આપવું.
- દિવ્યાંગ બાળકોની અભ્યાસને લગતી મર્યાદાઓ ઓળખી – તે ખામી દૂર કરી. અભ્યાસલક્ષી જરૂરી પગલાં ભરવા.
- દિવ્યાંગ બાળકોનું સતત અને સર્વગ્રાહી પ્રગતિનું નિરીક્ષણ કરવું. આવાં બાળકોને તેમની શારીરિક મર્યાદાઓ પ્રમાણે વાહનની કે તેના મદદનીશને વાહનની સુવિધા આપવાની કાર્યવાહી કરવી.
- દિવ્યાંગ બાળકો ભણતરથી વંચિત ન રહે તે માટે શાળાએ જતાં બાળકોનો દર 5 વર્ષે સર્વે કરી અનુકાર્ય કરવું.
- શાળાકીય અભ્યાસ પ્રવૃત્તિઓના તમામ સ્તરે મદદરૂપ તેવાં સંસાધન કેન્દ્ર (Resource Rooms)ની રચના કરવી.
- નોંધપાત્ર દિવ્યાંગતાવાળા (Benchmark Disability) વિદ્યાર્થીઓને યોગ્યતા અનુસાર શિષ્યવૃત્તિ આપવી.
- દિવ્યાંગ બાળકો અડચણ વિના પરીક્ષા આપી શકે તેવી સુવિધા પૂરી પાડવી.
- દિવ્યાંગ વિદ્યાર્થીઓ / બાળકો પ્રત્યે કોઈ અપશબ્દો, તિરસ્કાર કે હિંસા કરવી, શોષણ કે રેગિંગ જેવી પ્રવૃત્તિ ન થાય તે માટે ખાસ કમિટી રચી તેમના પ્રશ્નોનો નિકાલ કરવો.
- તેમના માટે બચાવ, મદદ, રક્ષણ, પુનઃસ્થાપન જેવી કામગીરી કરવી. ચાલુ અભ્યાસ દરમિયાન શાળા છોડી જાય તો તેના કારણો તપાસી પુનઃસ્થાપનામાં મદદ કરવી.
- નોંધપાત્ર દિવ્યાંગતાવાળા (B.D.) બાળકોને તેના રહેઠાણની નજીક તેમની પસંદગીની શાળામાં અથવા ખાસ શાળામાં પ્રવેશનો અધિકાર રહેશે.
- નોંધપાત્ર દિવ્યાંગતાવાળા (B.D.) દરેક બાળકને તેના 18 વર્ષની વય પ્રાપ્ત કરે ત્યાં સુધી યોગ્ય વાતાવરણમાં મફ્ત શિક્ષણ અને વિનામૂલ્યે વિશિષ્ટ સાધનોનો લાભ મળી રહે તે સુનિશ્ચિત કરવું.

Liberty